હરિ નજર - ખરી નજર

હું તો કહું છું, છઠ્ઠું, સાતમું, આઠમું બધાં પગારપંચ માગી જ લો... ચૂંટણી તો આવી જ રહી છે, ઢગલાબંધ વચનો લેવાનાં જ છે. એ ભેગું આ એક વચન વધુ લઈ લઈએ !

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે વિજ્ઞાન વાર્તાલાપ યોજાયો

ઉત્સવ પરીખે ગણિત, વિજ્ઞાનના શિક્ષકો સાથે વાર્તાલાપ કર્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા ખાતે તાજેતરમાં વિજ્ઞાન વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાનનો અભિગમ બાળકોમાં કેળવાય તથા બાળકો તેમાં રસ લેતા થાય તે માટે જી.આઈ.પી.એસ.માં ભાવનગર વિજ્ઞાન નગરી દ્વારા શિક્ષકો સાથે વિજ્ઞાન વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

વિજ્ઞાન નગરી, ભાવનગરના એક્સપર્ટ ઉત્સવ પરીખે શાળામાં આવી ગણિત, વિજ્ઞાનના શિક્ષકો સાથે વાર્તાલાપ કર્યો હતો. શાળામાં રહીને બાળકો પોતાના અભ્યાસક્રમના પ્રયોગ જાતે કરી શકે, મોડલ બનાવી શકે, વિજ્ઞાન ગણિત ક્લબમાં ઉત્સાહ વધે, અવલોકન શક્તિ, તર્કશક્તિ નિર્ણય શક્તિ જેવી ક્ષમતાઓ કેળવાય અને વિજ્ઞાન ગણિત સરળ બનાવે તેવી રસપ્રદ માહિતી ભાવનગર નગરીના સેતુથી અપાઈ હતી.

સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં વૃક્ષ ઉછેરો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના જી. એસ. ઈ. સી. એલ. કોલોની ખાતે આવેલી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલમાં વૃક્ષ ઉછેરો ધરતી બચાવો અભિયાન અંતર્ગત છોડવાઓનું વાવેતર, છોડ દત્તક લઈ વટવૃક્ષ બને ત્યાં સુધી ઉછેરવાના શપથનો કાર્યક્રમ યોજાયો હતો.

સમગ્ર વિશ્વ સમક્ષ સૌથી વિકટ પ્રશ્ન આજે પર્યાવરણ જતનનો ઉભો થયો છે. ધરતી અને પર્યાવરણના સંવર્ધનથી જ માનવજાત સુરક્ષીત બનવાની છે ત્યારે વૃક્ષો ઉછેર અને જતનના મહત્વને ઉજાગર કરતો એક અનોખો કાર્યક્રમ સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં સંપન્ન થયો હતો. ૨૨ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ શાળાના ૫૦૦ બાળકોએ એક એક છોડનું ઉત્સાહભેર વાવેતર કરી તે છોડ દત્તક લઈ તેને વટવૃક્ષ બને ત્યાં સુધી ઉછેરવાનું નક્કી કરતા શપથ લીધા હતા.

આ પ્રસંગે જી.ઈ.બી. પાવર સ્ટેશનના ચીફ ઈજનેર બી.આર. અધ્વર્યુ, એડી.સી.ઈ. એમ.ડી. જોષી, એક્ઝીક્યૂટીવ ઈજનેર એમ.જી. મહેતા અને જસાણી તથા એમ.એમ. મોદી, ડેપ્યુટી એન્જીનીયર ગૌતમ તથા આઈઆરઓ થોમસની ઉપસ્થિતિમાં શાળાના આચાર્ય ગોવિંદભાઈ નસીતે સમગ્ર વૃક્ષારોપણ કાર્યક્રમનું નેતૃત્વ લીધું હતું. સમગ્ર શિક્ષક ભાઈ-બહેનો અને બાળકોએ શપથ ગ્રહણ કર્યા હતા. ઉપાધ્યાય હર્ષદરાયે સૌને વૃક્ષ જતનના શપથ લેવરાવ્યા હતા. જી. ઈ. બી. અધિકારીઓના સહયોગથી આ કાર્યક્રમ સુભગ સંપન્ન થયો હતો. દરેક છોડને અલાયદું નામ આપી કાયમી રક્ષણની અને માવજતની સંકલ્પના આચાર્ય ગોવિંદભાઈ નસીતે વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે તમામ બાળકોને પૌષ્ટીક નાસ્તો પુરો પાડવામાં આવ્યો હતો.

સી. સી. શાહ વિદ્યામંદિર, ઉનાવા ખાતે સી.એમ. પટેલ નર્સીંગ કોલેજનો માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે શેઠ સી.સી. શાહ વિદ્યામંદિર ખાતે સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગ સેકન્ડ સેમેસ્ટર બી.એસ.સી. નર્સીંગની વિદ્યાર્થીનીઓ દ્વારા ચેપી અને બીન ચેપી રોગોની માહિતી અને પ્રદર્શની સાથે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ માર્ગદર્શન શિબિરમાં નર્સીંગ કોલેજની ૨૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સાથો સાથ તેમને માર્ગદર્શન તેમની જ કોલેજના ત્રણ અધ્યાપક કલાઈ વાણી, બીંદી પટેલ અને હેતલ ભાવસાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટી.એચ.ઓ. ઓફીસર હરેશભાઈ ત્રવેદી, સી.સી. શાહ, વિદ્યામંદિરના પ્રિન્સીપાલ ડી.કે. ચૌધરી તેમજ ગામના મેડીકલ ઓફીસર બીનાબેન પટેલે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન પુરું પાડયું હતું. સાથો સાથે બીંદીબેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરી પ્રદર્શની વિભાગમાં ખૂબ જ રસપ્રદ માહિતી મળી રહે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

અમીનની નિયુક્તિને રદ કરવા પ્રણવને રજૂઆત

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં ૧૦+૨ની વ્યવસાયલક્ષી પ્રવાહની આખીય યોજના જે શાસનમાં ભ્રષ્ટાચારનો અખાડો બનાવી દેવામાં આવી હતી. રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટીમાં છાશવારે અશાંતિ ઉભી કરવામાં અને યુનિવર્સિટીની ગરિમાને લાંછન લગાડવાના કૃત્યોમાં જે સંકળાયેલા છે તેવા આગેવાન નરહરિ અમીનની ગુજ.યુનિ.માં સેનેટ અને સિન્ડીકેટ તરીકે નિમણુંક કરી રાજભવન દ્વારા શિક્ષણજગતમાં ઘોર ખોદવાનું કાર્ય કરવામાં આવે છે. યુનિવર્સિટીના વાતાવરણે શુદ્ધ અને શૈક્ષણિક બનાવવા આ પ્રકારી નિમણૂંકોને રદ કરવાની વિનંતી સાથે ગુજ.યુનિ. પૂર્વ સેનેટ સભ્ય સી.એમ. પટેલ અને સહકન્વીનર નવીન પટેલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખીને વિધિવત રજૂઆત કરવામાં આવી છે.

સાબર કોલેજના વિદ્યાર્થીઓ ગાંધી જયંતિએ અનોખો ગાંધીગીરીનો કાર્યક્રમ યોજશે

દરેક સેક્ટરમાં જઈ, પસ્તી એકત્ર કરી, વેચી પૈસા સેવાકીય સંસ્થાને આપશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધી જન્મ જયંતિ નિમિત્તે દેશભરમાં સરકારી અને બિન સરકારી સંસ્થાઓ, વિવિધ ક્ષેત્રોની કચેરીઓ દ્વારા અનેક કાર્યક્રમો યોજાય છે ત્યારે પ્રયાસ ધી ફાઉન્ડેશન ફોર સ્પોર્ટસ, કલ્ચરલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ અને સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા ગાંધીગીરીનો અનોખો કાર્યક્રમ ૨જી ઓક્ટોબર-૨૦૧૨નો રોજ યોજવામાં આવશે.

કોલેજના ૧૫૦૦ વિદ્યાર્થીઓ, અધ્યાપકો દ્વારા ગાંધી જયંતિના દિવસે ગાંધીનગરના ઘરે ઘરેથી પસ્તી એકત્ર કરવામાં આવશે અને તેમાંથી ઉપજેલી રકમનો ફાળો ગરીબજનોની સેવાર્થે, સેવાભાવી સંસ્થાઓને અર્પણ કરવામાં આવશે. યુવાનધન સવારથી જુદા જુદા ગૃપમાં ગાંધીનગરના તમામ સેક્ટરોમાં, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય વિસ્તારો તથા જાહેર સ્થળોએ ફરી ફરીને ગાંધીનગરના નાગરિકો પાસેથી પસ્તી એકત્ર કરશે. બપોર સુધી એકત્ર થયેલી પસ્તીમાંથી ઉપજેલી રકમ સેવાકીય સંસ્થાઓને સેવાકાર્ય માટે અર્પણ કરવામાં આવશે.

પ્રવાસન ક્ષેત્રનો સાતત્યપૂર્ણ વિકાસ પ્રકૃતિનું જનત કરીને જ કરવો પડશે

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત રાજ્યના પ્રવાસ અને આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું છે કે પ્રવાસન ક્ષેત્રનો સાતત્યપૂર્ણ વિકાસ પર્યાવરણ અને પ્રકૃતિનું જનત કરીને જ કરવો પડશે અને તો જ તેનો લાભ ભાવિ પેઢીને પણ મળશે. પ્રવાસીઓની સુવિધાની સાથે જ સ્થાનિક સમુદાય માટે રોજગારના અવસરો ઉભા કરવાથી સાચા અર્થમાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ શક્ય બનશે. ગુજરાતમાં મેડિકલ ટુરિઝમ સહિતના અનેક ક્ષેત્રોમાં વૃદ્ધિ માટે અઢળક તક હોવાનું તેમણે કહ્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ૨૦૨૫ સુધીમાં ગુજરાત ટુરિઝમ ક્ષેત્ર વૃદ્ધિની બાબતે અને રોજગારની દ્રષ્ટિએ કૃષિ ક્ષેત્રને પણ પાછળ રાખી દેશે.ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) અને ગુજરાત ટુરિઝમ દ્વારા સસ્ટેઈનેબલ ટુરિઝમ અંગે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ગુરુવારે આયોજન કરાયું હતું. વિશ્વ પર્યટન દિવસના રોજ આ કોન્ફરન્સને સંબોધન કરતા મંત્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું કે ટુરિઝમ જે ઝડપથી વિકસી રહ્યું છે તેની સાથે જ તેમાં રોજગારનું સર્જન મોટાપાયે થવું જોઈએ. આ ક્ષેત્ર માટે ગુજરાતમાં ખૂબ સાનુકુળ સ્થિતિ છે અને અનેક પ્રકારના ટુરિઝમના વિકાસને ખાસ્સો અવકાશ રહેલો છે. ગુજરાતમાં પ્રવાસન માત્ર લીઝર ટુરિઝમ પૂરતું મર્યાદિત નથી. ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન (રિલીજીયસ ટુરિઝમ) ખાસ્સું વિકસ્યું છે અને ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે. આ ઉપરાંત બિઝનેસ ટુરિઝમ પણ ઝડપથી વૃદ્ધિ કરી રહ્યું છે કારણ કે ગુજરાત આજે દેશના ખૂબ ઝડપી વૃદ્ધિ કરતા રાજ્યો પૈકી એક છે. તેમણે સૌથી વધુ મેડિકલ ટુરિઝમ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, ગુજરાત આ ક્ષેત્રે વિશ્વમાં ઝડપથી નામના મેળવી રહ્યું છે. જેથી સરકાર ઉત્સાહિત છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે લઘુમતિ વિદ્યાર્થીઓને ફકીરભાઈ વાઘેલાના હસ્તે શિક્ષણ સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

એમબીએ-એમસીએ, એન્જિ. અને ફાર્મસીની ખાલી બેઠકો પર નોન જીસેટ, ગુજકેટવાળાને પ્રવેશ અપાશે

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન એમબીએ અને એમસીએ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકો ઉપર નોન જીસેટવાળાને પ્રવેશ આપવાની જીટીયુ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત એન્જિનિયરીંગ અને ફાર્મસીની ખાલી બેઠકો ઉપર પણ નોન ગુજકેટવાળાને પ્રવેશ આપવાની શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

જીટીયુ સંલગ્ન એમબીએ અને એમસીએમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાલ ૮૨૮૨ બેઠકો ખાલી રહી હતી. આ બેઠકો પોતાની જાતે ભરવા માટે જે તે કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ફક્ત જીસેટવાળાને જ પ્રવેશ આપવાની મંજૂરી હતી.પરંતુ હવે શિક્ષણ વિભાગે નિર્ણય કરતા કોલેજો ખાલી બેઠકો ઉપર નોનજીસેટવાળાને પણ પ્રવેશ આપી શકશે.નોન જીસેટવાળા વિદ્યાર્થીઓએ જીટીયુની વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ મેળવી અને ભરીને કોલેજમાં આપવાનું રહેશે. કોલેજોએ તેના આધારે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી ૮મી ઓક્ટો. સુધીમાં અહેવાલ જીટીયુને મોકલી આપવા જીટીયુ દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત એન્જિનિયરીંગ અને ફાર્મસીની ખાલી અંદાજે ૯ હજાર બેઠકો પર પણ નોન ગુજકેટના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરાઈ છે. નોન ગુજકેટના વિદ્યાર્થીઓએ એસીપીસીની વેબસાઈટ પરથી ફોર્મ મેળવી અને ભરીને કોલેજમાં આપવાનું રહેશે. આ કોલેજોએ પણ ૮મી ઓક્ટો. સુધીમાં અહેવાલ મોકલી આપવાનો રહેશે.

જાતે ઘસાઈને દાન દેવું એ જ દાનનું રહસ્ય છે

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ



॥ દાન મીમાંસા ॥

ગુરુદેવ ટાગોર સ્થાપિત શાંતિ નિકેતનનો મંત્ર છે -

અત્ર વિશ્વં ભવત્યેક નિડમ્

સમગ્ર વિશ્વ એક જ માળા સમાન છ ને તેમાં વસતા તમામ જીવો પરસ્પર અનેકવિધ સંબંધોથી કાયમ સંકળાયેલા છે. જાગતિક ચેતનાના સંબંધો માનવીય ભાવનાઓ સાથે ગૂંથાયેલા હોય છે. જેના કારણે આર્થિક કે સામાજિક કોઈ પણ પ્રકારના નિમ્ન સતર પર રહેલા માનવ સમૂહોને ઉચ્ચ સ્તર પર લાવવા માટે જે પ્રવૃત્તિ સનાતન સ્વરૂપે વિશ્વ સમસ્તમાં ચાલી રહી છે તેને આપણએ 'દાન' નામે જાણીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં દાનનો મહિમા ગાયો છે. તેઓ કહે છે, 'યજ્ઞઃ તપજ્ઞ દાનશ્ચ પાવનાની મનીષિણ' અર્થાત્ યજ્ઞ, તપ તથા દાન એ તો માનવીઓને પવિત્ર કરનારી ક્રિયાઓ છે. કઠ ઉપનિષદમાં યમરાજા નચિકેતાને વરદાન આપતાં કહે છે, 'આનાથી અમારું કલ્યાણ થશે.' દાનથી દાતાનું પણ કલ્યાણ સધાય છે. યજ્ઞ તથા તપ જેવાં કાર્યો કરવા તે સૌ માટે સુલભ નથી. શક્ય પણ નથી. પરંતુ દાન દેવું એ તો સૌના માટે શક્ય બાબત છે. સામાન્ય માણસો પણ જો ઈચ્છા થાય તો દાન દઈ શકે છે. નાનાં નાનાં બાળકો પણ નાસ્તાના પૈસા બચાવી રાહત ફાળામાં આપતા હોય છે. ભગવાનને મન તો સહજ ભાવે કરુણા ભાવે ને નયને અપાતું દાન મહત્ત્વ ધરાવે છે. દાનમાં અપાતી વસ્તુની કિંમત નથી પણ આપનારની ભાવના જ મહત્ત્વની છે.

આપણી પાસે જે કંઈ છે તેના આપણે સર્વાંગે માલિક નથી પણ તેમાં બીજાનો પણ ભાગ છે તેવી ભાવનાનો સદ્ પ્રવાહ જ દાન પ્રક્રિયા થઈને વહેતો હોય છે.યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં જણાવ્યા પ્રમાણે વિદ્વાન-ત્યાગી તથા પ્રવાસીને અન્નદાન કરનારને મોક્ષ મળે છે. કોઈપણ વ્યક્તિને તેના સંકટના સમયે મદદ કરનાર દાતાને તેનું ફળ અવશ્ય મળે છે (મનુસ્મૃતિ). જગદ્ગુરુ શંકરાચાર્યજીએ તો દાનનો અર્થ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે 'પોતાની પાસે જે કંઈ હોય તેનાથી નિવૃત્તથઈ તેના પર અન્યના હક્કને સ્થાપવો તે દાન છે.' દાન સર્વસ્વનું હોવું જોઈએ. અંશ કે ભાગનું નહીં તેવો તેનો અર્થ છે. એવું પણ જણાવાયું છે કે આપણા વિવિધ શાસ્ત્રો તથા પુરામોમાં દાનનો અપરંપાર મહિમા ગવાયો છે. દાન કરવું એ ગૃહસ્થનો ધર્મ તથા ફરજ છે. વિશ્વના તમામ ધર્મોમાં દાન દેવાનો આદેશ અપાયો છે. ઈસ્લામમાં ખેરાત ફરજિયાત છે. આપણે ત્યાં આવકનો દસમો ભાગ પ્રભુ પ્રિત્યાર્થે કાઢવો તેવું આચાર્યોનું સૂચન છે. દાતાઓને દાન કર્યા પછી તે અંગે પસ્તાવો કે વિચાર ન કરવો એવું જણાવાયું છે. અપાયેલ દાન પર જે શોક કે પસ્તાવો કરે છે તે અધોગતિ પામે છે.

દાન દેવું એ દુષ્કર કાર્ય છે. કારણ તે માટે ધનની જરૂર પડે છે. અને ધન પ્રાપ્ત કરવા મહેનત કરવી પડે છે. મહા મહેનતે મેળવેલ ધન દાનમાં આપી દેનાર તો કોઈ વિરલા જ હોય. તે માટે માનવીય સજાગતા, પ્રભુ પરત્વેની શ્રધ્ધા તથા ધન પરત્વેનો અનાસક્તિ ભાવ હોવો જરૂરી છે.

દાનની પણ કમિક કક્ષા માનવામાં આવે છે. સામાન્યતઃ આપણી માન્યતા છે કે અન્નદાન શ્રેષ્ઠ દાન છે. પરંતુ શાસ્ત્રીય ક્રમ વિભાગ અલગ છે. તે પ્રમાણે કીર્તિ માટે અપાયેલ ધનદાન પ્રાથમિક સ્તરનું છે. તેનાથી અન્નદાન ચડે. તેનાથી ભૂમિદાન ચડે પણ વિદ્યા દાનને પ્રથમ ક્રમ અપાયો છે. ચરક સંહિતામાં દર્દીને અપાતા નવજીવન દાનને શ્રેષ્ઠ કહેવાયું છે. આચાર સંહિતામાં આશરે આવેલાને 'અભય'નું દાન દેવા જણાવાયું છે. વિનોબાજી તો 'ભૂદાન'ને ઉત્તમ કહે છે. યુગ પરિવર્તન પ્રમાણે રક્તદાન, ચક્ષુદાન, દેહદાન જેવાં દાન અસ્તિત્વમાં આવ્યાં છે. જરૂરિયાતમંદોને તેની જરૂરી વસ્તુ મળે તેવો તેની પાછળનો આશય હોય છે. ગુપ્તદાનનો પણ ખાસ મહિમા ગવાયો છે. ગુપ્ત દાનનો દુરુપયોગ થવાની ઘણી સંભાવનાઓ હોય છે.

દાન ગમે તે પ્રકારનું હોય - તે દાતાને ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે. દાન દેવાથી ચિત્ત શુદ્ધિ થાય ચે. દાનને કારણે અંતરમનમાં જામી ગયેલી વિવિધ ગ્રંથિઓનું વિગલન થાય છે. આત્મતત્ત્વ વધારે તેજસ્વી તથા મન શાંત બને છે. મોક્ષ ઈચ્છનારાઓ વિવિધ પ્રકારના દાન આપે છે. પરિણામે સમાજમાં સમરસતા ફેલાય છે. યજ્ઞ, તપ અને જ્ઞાન દ્વારા જે સ્થિતિ સર્જાય તે 'સદ્' હોય છે. આનાથી વ્યક્તિના મનોભાવોનું વિસ્તૃતિકરણ થતાં સ્વાર્થિક ભાવના ઘટી પારમાર્થિક ભાવનાઓનો ઉદય થાય છે. અથર્વવેદમાં જણાવ્યું છે કે દાન તેના દાતાને સંપત્તિ તથા પ્રેમ આપે છે. તો ઋગ્વેદમાં જણાવ્યા પ્રમાણે દાન તેના દાતાને સ્વર્ગના ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન કરે છે.

દાન દેવાની ઈચ્છા સ્વયંભૂ ક્યારે થાય તે માટે બૃહદ અરણ્યક ઉપનિષદ જણાવે છે કે માલિકીપણું, દાતાપણું તથા ધનવાન હોવું તે પૂર્વ જન્મના તપનું પરિણામ છે ને વ્યક્તિને આપોઆપ મળે છે. માટે દાન દેવામાં ક્યારેય ખચકાવું નહીં. વ્યક્તિ ત્રણ બાબતમાં ક્યારેય સંતોષ ન અનુભવવો - અધ્યયનમાં, દાનમાં અને તપમાં; આમાં શક્ય હોય એટલો વધારો કરવો તેમ શાસ્ત્ર જણાવે છે.

દાનની મહત્તા સંતો, ભક્તો તથા કવિઓએ ગાઈ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીના સત્તરમા અધ્યાયના ત્રણ શ્લોકમાં દાન મીમાંસા કરી છે. દાનને સાત્ત્વિક, રાજસ તથા તામસ એવા ત્રણ પ્રકારનું ગણાવ્યું છે. દાન દેવું એ સહજ ધર્મ છે તેમ માની દેશ-કાળ ને પાત્રને જોઈ અપાતું દાન સાત્ત્વિક દાન છે. દેશ-કાળ એટલે 'જે સમયે જે પરિસ્થિતિમાં જે તે વ્યક્તિને જોઈતું પદાર્થનું દાન.' મતલબ ભૂખ્યાને જમાડવો પણ તૃપ્ત થયેલાને જમાડવાથી અન્નદાનનું પુણ્ય ન મળે. પાત્ર એટલે સંનિષ્ઠ, યોગ્ય શ્રોતિય વિધાન. ત્યાગી અથવા તો ચોક્કસ વસ્તુના અભાવે જેનું જીવન દુષ્કર બન્યું છે તેવો દુખી. આ સદ્પાત્ર ગણાય છે. જો દાન ક્લેશપૂર્વક દેવાય, દાન દેતાં મનમાં વેદના થાય, કોઈના દબાણથી દાન દેવું પડે, પ્રતિષ્ઠાના મોહથી, સ્વર્ગપ્રાપ્તિની આશાતી જે દાન અપાય તે રાજસ દાન છે. તેનાથી પુણ્ય ન મળે. ફળાસક્તિનાં બંધન વધે. દેશ-કાળ-સમય-પાત્રને જોયા વિના તુચ્છકાળથી માન આપ્યા વિનાનું દાન તામસ દાન છે. આ પ્રકારના દાનના દાતા પુણ્યને બદલે પાપ મેળવે છે. તેનું દાન લેનારા દાનના ધનનો દુરુપયોગ કરી પાપ કરે તો દાન દેનારને પણ તે બાંધે છે. તામસ દાન અને શ્રધ્ધા વિના દેવાયેલું દાન નિષ્ફળ જાય છે. વર્ષના કયા દિવસે કોને શેનું દાન આપી શકાય તેની વિસ્તૃત ચર્ચા સ્મૃતિ ગ્રંથોમાં છે. જેમકે ગ્રહણ છૂટવાના સમયે અમુક કોમને જ દાન દેવામાં આવે છે. મકરસંક્રાન્તિ બ્રાહ્મણોને દાન દેવા માટે ઉત્તમ માનવામાં આવે છે. શુભ તથા અશુભ પ્રસંગોએ પણ દાન દેવાની પ્રથા સમાજમાં ચાલુ છે. વ્યક્તિના નિધન પછી તેના પરિવાર તરફથી વિવિધ પ્રકારનાં દાન દેવામાં આવે છે. આમાં ગોદાન, અન્નદાન તથા સુવર્ણદાન મહત્ત્વનાં છે.

દાન લેનારની પણ કેટલીક ફરજો હોય છે. તે દાતા તરફ માન તથા શુભેચ્છા ધરાવતો હોવો જોઈએ. તે સંતોષી હોય એ પણ જરૂરી છે.

દાન દેવામાં પણ વિવેક જાળવવો જરૂરી હોય છે. આ વિવેક અતિ સૂક્ષ્મ હોય છે. ક્યાં કેટલી જરૂર છે તે દ્રષ્ટિ સમક્ષ રાખીને દાન કરવું જોઈએ. જાતે ઘસાઈને દાન દેવું એ જ દાનનું રહસ્ય છે. દાન તો મનને પ્લાવિત કરનાર ગંગાનો ધોધ છે. દાનમાં દીધું તે ઊગશે ને બચાવશો તો એળે જશે. યોગ્ય સમયે અપાયેલું દાન ઘણો મોટો બદલો વાળી દે છે. જે સામાન્ય માણસ ઘર આંગણે આવે છે એ પણ ઘરધણીના પાપ-પુણ્યને વધારી-ઘટાડી આપે છે. ક્યારે કોણ ક્યા સ્વરૂપે આંગણે આવશે એની આપણને જાણ નથી. સો ખોટા વચ્ચે એકાદ ખરી જરૂરિયાતવાળો પણ હોઈ શકે. માટે કોઈનો ક્યારેય તુચ્છકાર ન કરવો. કંઈ ન આપો તો વાંધો નહીં, પણ સામે ઊભેલો માણસ પણ માણસ છે, તેને પોતાનું કંઈક તો સત્વ છે જ એ યાદ રાખી દેવા માટે પોતાની અશક્તિ દેખાડવી. પણ કઠોર શબ્દો વાપરીને અપમાન ન કરવું જોઈએ.